

# પ્રેમલગ્નની પીડા : સમાજ ક્યારે સમજશે કે પ્રેમ એ તો કૃષ્ણનો પ્રસાદ છે!

**મનકા સિતાર**
**કેશુભાઇ દેસાઇ**

કોઈ યુવતીને કોઈ યુવાન ગમી જાય અથવા કોઈ યુવાન કોઈ યુવતીને દિલ દઈ બેસે એમાં ત્રાહિત વ્યક્તિઓએ હાયવોય નહીં કરવી જોઈએ. એ તો યુગોથી ચાલી આવતી અલૌકિક કૃષ્ણકથાનું જ અનુસંધાન ગણાય. કુદરતે નર અને માદા જેવા-એકમેકને સમર્પિત થવાના મંગલ ઉદ્દેશથી રચેલાં આ માંસ-માટીનાં પુદગલ એકમેકને જોઈ આકર્ષણ અનુભવે એમાં ખોટું શું છે? સિવાય કે કોઈ એક પક્ષ તરફથી સામેની વ્યક્તિની અનિચ્છા છતાં બળજબરી થઈ રહી હોય તો એમાં સરકાર અને સમાજ હસ્તક્ષેપ કરે એ સમજી શકાય એવી બાબત છે. પરંતુ આ તો સૈદ્ધાંતિક વાત થઈ. માનવી જ નહીં, પ્રાણીઓ પણ એક પ્રકારની અંગત પ્રતિષ્ઠાના આવરણ તળે ઢંકાઈને જીવતાં હોય છે. પોતાનાં અલગ અલગ વાડા બનાવી જીવતાં માનવી પોતાનાં સંતાનોને પણ એ વાડાઓમાં જ પુરાઈ રહેવામાં સલામતી છે એવી શિખામણ આપે છે. એકવીસમી સદી એનાં પચીસ વર્ષ વટાવી ચૂકી છે છતાં સવિશેષ ભારતીય સમાજ હજી આવી સ્વતંત્ર જીવનશૈલી અપનાવવામાં અસલામતી અનુભવે છે. કદાચ પ્રેમ થઈ ગયો હોય તો પણ દીકરીને સો ગરણે ગાળીને એના પ્રિય પાત્રના પાણિયારાનું પાણી પીવાની સલાહ આપવામાં આવે છે. એણે દિલથી ચાહેલા છોકરાની કુંડળીમાં કોઈ વિષયોગ તો નથી ને, એની ચકાસણી કરાવાય છે. એની જ્ઞાતિ અને આર્થિક સ્થિતિ વિશે ઊંડાણપૂર્વક પૂછપરછ કરાય છે. એના વડીલો અને કુટુંબીજનોના ભૂતકાળમાં ડોકિયું કરી એમની ખાનદાની વિશે ચોકસાઈ કરાય છે. આથી સ્વતંત્ર રીતે જીવવાની અપેક્ષા રાખતી નવી પેઢી મૂંઝવણ અનુભવે એ સ્વાભાવિક છે. પ્રાણીઓ કુદરતની વધુ નજીક હોવાથી એમને પોતાનો શિકાર પોતાની રીતે શોધી લેવામાં બીજાં પ્રાણીઓ નડતર નથી ઊભું કરતાં, બલકે સિંહશાવક શિકાર કરતું થાય એથી એની માતા હરખાય છે. એ ઋતુમાં આવે ત્યારે મનગમતા સાથી સાથે આનંદ માણી શકે છે. એમાં એને વડીલોની સલાહ કે પરવાનગી નથી લેવી પડતી. માણસે સંસ્કૃતિના નામે પોતાના પગ પર જ કુહાડા માર્યે રાખ્યા. એણે લગ્નસંસ્થા ઊભી કરી અને ધર્મના ઓઠા હેઠળ એક અદૃષ્ટ લક્ષ્મણરેખા દોરી દીધી. બસ, તમારી આટલી જ અંગત દુનિયા. એકમેકમાં ઓગળી જાઓ અને બીજી આઈટમ ગમે તેવી સ્વાદિષ્ટ હોય તો પણ એ જેના નસીબમાં લખાયેલી છે એને આરોગવા દો. બીજાની રૂપાળી બૈરી જોઈને જીવ ના બાળશો. મળ્યું છે એ માણો. એટલું ઓછું હોય એમ એમાં ધર્મ, જ્ઞાતિ, સમાજનાં અને 'ગોળ' કે પ્રદેશ અને ભાષાનાં સીમાંકન ઉમેરાયાં. દાખલા તરીકે જૂના જમાનાના અનાવિલ આગેવાનો કહેશે: આપણી હદ તાપીથી વાપી સુધી. એનું ઉલ્લંઘન કર્યું તો સીધા જ નાતબહાર. હોકોપાણી બંધ. દેસાઈ સરનેમવાળા બધા આપણા વાળા ન્હોય ભઈલા. દેસાઈ તો નાગરથી લઈ પશુપાલન સાથે સંકળાયેલા રબારી સમાજ સુધી વિસ્તરેલી અટક છે. અરે, પાટીદાર, ચૌધરી અને મુસલમાનોમાં પણ દેસાઈ અટક મળે છે. મહેબૂબ દેસાઈ ધંધુકાના મુસ્લિમ બિરાદર છે. ગાંધીનગર સચિવાલયમાં કમિશનર ઓફ સ્કૂલના એક અધિકારીનું નામ હતું: ઈમાનુએલ દેસાઈ, ટૂંકમાં ખ્રિસ્તી. પટેલ અટક મુસલમાનોમાંયે છે જ ને વળી! મનમોહન સિંહ વાળી કોંગ્રેસની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારના પડદા પાછળના વડાપ્રધાન આપણા અહમદ પટેલ હતા કે નહીં? બધા નિર્ણયો સોનિયા ગાંધી લેતાં હતાં અને અહમદભાઈને પૂછી પૂછીને લેતાં હતાં.

પરંતુ આજે પણ રાજવી પરિવારના સભ્યો કોઈ નાનામોટા રજવાડામાં જ કન્યા આપે છે અને પરણી લાવે છે. બ્રાહ્મણો પોતાની જનોઈનું ગૌરવ લે છે. દરેક જ્ઞાતિ એના ગજા મુજબ શહેરમાં સમાજવાડી અને છોકરાં માટે છાત્રાલય ઊભાં કરી વટ પાડવા પ્રયત્નશીલ રહે છે. વાતો ગમે તેટલી સમરસતાની કરે પણ... કેટલા સવર્ણ નેતાઓએ અનુસૂચિત જાતિ અને જનજાતિ સાથે લગ્નસંબંધ બાંધ્યા છે આઝાદીના આઠ દાયકા દરમિયાન? હશે અપવાદરૂપે ભાગી જઈ પ્રેમલગ્ન કરનારાં જૂજ સામા પ્રવાહે તરવાની હિંમત દાખવનારાં પ્રેમી પંખીડાં. હવે તો કહેવાતા સામાજિક ધુરંધરો રીતસર સમાજની દીકરી સમાજમાં જ પરણે એવા ફતવા બહાર પાડવામાં ગૌરવ અનુભવે છે. રાજકીય નેતાઓ પણ એમને ખુલ્લું સમર્થન આપવામાં સલામતી સમજે છે.

પ્રેમ તો પરમેશ્વરનો પર્યાય છે. સાચો પ્રેમી નાતજાતના કે ઉંમર સુધ્ધાંના સ્પીડ બ્રેકરો ઓળંગી જાય છે. પરંતુ પછી એને જે વિકટ પરિસ્થિતિમાં મુકાવું પડે છે એની કલ્પના આપણે નહીં કરી શકીએ. હરિયાણાની ખાપ પંચાયતો એમની પરંપરા મુજબ 'ગુનેગારો'ને આકરી સજા ફટકારે છે અને આપણું ન્યાયતંત્ર કે બંધારણ મૂંગે મોઢે બધું નજર સામે જ થતું હોવા છતાં આંખ આડા કાન કરી દે છે. ભાગી ગયેલી દીકરીને ફોસલાવી પટાવી 'તારી ઈચ્છા મુજબ તને રંગેચંગે તારા મનના માણીગર સાથે વોળાવીશું' એવો દિલાસો આપી પિયરમાં બોલાવી લેવામાં આવે છે અને પછી એની સગી જનેતા એને ઝેરનો પિયાલો પિવડાવી દે છે અથવા મા જણ્યો ભાઈ એને ગળે ટૂંપો દઈ સ્વધામ પહોંચાડી દે છે. ગામચોરે ઝાડ સાથે બાંધીને બેઉ પ્રેમીઓને આગ ચાંપી દેવાઈ હોવાની ઘટનાઓ પણ બનતી રહે છે.


**એકવીસમી સદી એનાં પચીસ વર્ષ વટાવી ચૂકી છે છતાં સવિશેષ ભારતીય સમાજ હજી આવી સ્વતંત્ર જીવનશૈલી અપનાવવામાં અસલામતી અનુભવે છે**

પ્રેમ અને ધર્મ એકબીજાને પૂરક હોવા જોઈએ એના બદલે બીજા ધર્મ સાથે સંકળાયેલા પ્રેમીને હરહંમેશ વિધર્મી ગણી શંકાની નજરે જ જોવામાં આવે છે. જાણે પ્રેમ કોઈ છેતરપિંડી માટેનું ઓજાર જ ના હોય! પ્રેમની ગહન અનુભૂતિ કરનારાં પ્રેમીઓ આ સૃષ્ટિ ઉપરનાં સૌથી નસીબદાર પ્રાણીઓ છે. પક્ષીઓમાં પણ સારસ બેલડી અને 'દો હંસોં કા જોડા' કે ચકવા ચકવીની પ્રણયકથા જોવા મળે છે. પારધિના બાણથી વીંધાયેલા નર ક્રૌંચ પક્ષીના વિરહથી ઝૂરી ઝૂરીને જીવ આપનારી માદાની પીડા નહીં જીરવાતાં ઋષિ પારધિને ક્યારેય પ્રતિષ્ઠા નહીં મળે એવો શાપ આપે છે અને એ દુનિયાના પ્રથમ મહાકાવ્યની પ્રેરક ગાથા બની જાય છે. પ્રેમમાં છેતરપિંડી જેવી નકારાત્મક ભાવના માટે જગ્યા હોઈ જ ન શકે. પરંતુ અપરિપક્વ ઉંમરના આકર્ષણને કારણે એને પ્રેમ માની લઈ આંધળૂકિયાં કરનાર જેન ઝીના યુવાન પ્રેમીઓએ ચેતવાની જરૂર છે. એમને પરિવાર ફક્ત કરિયર બનાવવા માટેની સુવિધાઓ પૂરી પાડે એને ઠેકાણે જીવનની કઠોર વાસ્તવિકતાનો પરિચય કરાવે, જરૂરી સેક્સ એજ્યુકેશન ઉપલબ્ધ કરાવે અને પરંપરાગત શિષ્ટ સંસ્કારોની લહાણી કરે તો આવી દુર્ઘટનાઓમાં ઘટાડો થઈ શકે. નહીંતર વયસહજ કામુકતા એ પેઢીના બાળકોને પોતાની જ જિંદગી રફેદફે કરતાં નહીં અટકાવી શકે. એવી 'ભૂલો'નો જાણે જુવાળ ફાટી નીકળ્યો છે અને ગામેગામ, ઘેરઘેર આવા પ્રશ્નો ઊભા થવા લાગ્યા છે. સિરિયલો, ઓટીટી, ફિલ્મો અને સોશિયલ મીડિયા એને હવા આપી રહ્યાં છે.

ભગવાન શિવ પણ ભીલડી વેશે નાચતાં પાર્વતી સામે હારી ગયા છે. બ્રહ્મા તો પોતાની જ સંકલ્પ પુત્રી પ્રત્યે આકર્ષિત થાય છે અને આપણા લાડીલા કૃષ્ણનું તો પર્યાયવાચી નામ જ પ્રણય છે! કેટકેટલી પ્રેમિકાઓને એ બળજબરીપૂર્વક એના પિયરપક્ષ સાથે મારામારી કરીને હરી લાવ્યા છે અને છતાં મનથી બ્રહ્મચારી રહ્યા છે! રાધાથી લઈ કુબ્જા સુધી એમનો પ્રેમ પથરાયેલો છે. સગી બહેનને પણ, બળરામ એનું લગ્ન દુર્યોધન પરિવારમાં ગોઠવી રહ્યા છે એવી માહિતી મળતાં અર્જુન દ્વારા હરણ કરાવે છે. આ કોઈ નાનીસૂની ક્રાંતિ નહોતી. વેર વહોરીને પણ 'પ્રેમ પદારથ'નો મહિમા કરવામાં કૃષ્ણનો જોટો જડવો મુશ્કેલ છે. એટલે એ સાચા અર્થમાં વિરાટ અને શાશ્વત પ્રેમની પ્રતિમા તરીકે પ્રેમિકા રાધાને આલિંગીને વાંસળીના સૂરોમાં પ્રેમગીત રેલાવે છે. બીજા કોઈ ધર્મપુરુષનું એ ગજું નહીં. એ બધા તો લીલી નાઘેર જેવી જુવાનીને તપ, સંયમ અને ભક્તિના કે તથાકથિત સંસ્કારોના બળબળતા અંગારા જ ચાંપતા રહ્યા છે. કોઈ પણ ધર્મનું થોથું ઉઘાડી જુઓ: ક્યાંય ભાગવત જેવી લીલાભૂમિ નહીં મળે. જયદેવ એમના અમર કાવ્ય 'ગીત ગોવિંદ'માં ધરાર કૃષ્ણની કામક્રીડા વર્ણવે છે અને છતાં તાકાત નથી ધર્મનો ઈજારો લઈ બેઠેલા કોઈ ધર્માધ્યક્ષની કે એનો એક શ્લોક બદલી શકે.

હમણાં હમણાં ઉત્તર ગુજરાતની એક લોકપ્રિય ગાયિકાનું પ્રેમપ્રકરણ ચકડોળે ચડ્યું છે. રંગરસિયા પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ એની વહારે ચડે એવી પ્રાર્થના કરું છું. જ્ઞાતિ અને સમાજ તો માનવીએ અનુકૂળતા મુજબ સંસારચક્ર ચાલુ રહે એ માટે સરજેલા કૃત્રિમ વાડા છે. પ્રેમ તો કૃષ્ણની પ્રસાદી છે. જેને એ પ્રાપ્ત થાય છે એનો અવતાર ધન્ય થઈ જાય છે બલકે એને પછી બીજું કશું પ્રાપ્ત કરવાનું બચતું જ નથી.

# 'લેડિઝ ફર્સ્ટ'ની વિભાવના મનુસ્મૃતિની દૃષ્ટિએ



**અબીલ ગુલાલ**
**જયવંત પંડ્યા**

ગયા સપ્તાહે આપણે પશ્ચિમમાં 'લેડિઝ ફર્સ્ટ'ની વિભાવના વિશે જોયું. આજે હજારો વર્ષ પહેલાં 'મનુસ્મૃતિ'માં શું કહેવાયું છે તે જોઈએ. અત્યારે અલગ-અલગ પક્ષોની સરકાર 'લેડિઝ ઑન્લી' અર્થાત્ માત્ર મહિલાઓ માટે વિવિધ યોજનાઓ ચલાવે છે. મેટ્રોમાં નિઃશુલ્ક યાત્રા કરવાની યોજના હોય કે શિક્ષણ નિઃશુલ્ક કરવાની કે પછી ગર્ભવતી સ્ત્રી માટેની યોજના, તેનાં મૂળ મનુસ્મૃતિમાં છે.

*गर्भिणी तु द्विमासादिस्तथा प्रव्रजितो मुनिः । ब्राह्मणा*
*लिङ्गिनश्चैव न दाप्यास्तारिकं तरे ॥ ४०७ ॥*

અર્થાત્ બે મહિનાથી વધુ સમયની ગર્ભવતી મહિલા, વાનપ્રસ્થ મુનિ, સંન્યાસી અને બ્રાહ્મણ, બ્રહ્મચારી પાસેથી નદી પાર જવા માટે નૌકા શુલ્ક ન લેવું જોઈએ.

*चक्रिणो दशमीस्थस्य रोगिणो भारिणः स्त्रीः।*
*स्नातकस्य च राज्ञश्च पन्था देयो वरस्य च ॥ १३८ ॥*

અર્થાત્ રથમાં સવાર વ્યક્તિ માટે, જીવનના દસમા ચરણમાં રહેનાર વ્યક્તિ માટે (વૃદ્ધ માટે), રોગગ્રસ્ત વ્યક્તિ માટે, બોજો ઉપાડીને જતી વ્યક્તિ માટે, સ્ત્રી માટે અને છાત્ર જીવનમાં તાજેતરમાં જ ઉત્તીર્ણ થનાર વ્યક્તિ માટે, રાજા માટે અને વિવાહ કરવા જતા વર માટે માર્ગ આપી દેવો જોઈએ.

*सुवासिनीः कुमारीश्च रोगिणो गर्भिणीस्तथा।*
*अतिथिभ्योऽग्र एवैतान् भोजयेदविचारयन्॥*

નવવધૂ, કુંવારી કન્યાઓ, રોગી અને ગર્ભવતી સ્ત્રીને અતિથિ કરતાં પણ પહેલાં ભોજન કરાવવું જોઈએ. નવમા અધ્યાયમાં કહેવાયું છે કે માતા, પિતા, સ્ત્રી અને પુત્ર ત્યાગને યોગ્ય નથી. અર્થાત્ તેમનો ત્યાગ કરવો જોઈએ નહીં. આમ, 'લેડિઝ ફર્સ્ટ'નો મહિમા પણ બીજા અધ્યાયના ૧૩૮થી ૧૪૧ શ્લોકમાં ગાયો છે. વર્તમાનમાં અલગ-અલગ પક્ષની સરકાર વિધવા સહાય યોજનાઓ ચલાવે છે. તેનાં મૂળ મનુસ્મૃતિમાં છે. મનુ રાજાએ એકલી રહેતી સ્ત્રીને શાસકની જવાબદારી ગણાવી છે. જો એકલી સ્ત્રી, જેને સંતાન ન હોય, અથવા તેના પરિવારમાં કોઈ પુરુષ ન બચ્યો હોય અથવા વિધવા હોય, અથવા જેનો પતિ વિદેશ રહેતો હોય અથવા જે સ્ત્રી બીમાર હોય, તે સ્ત્રીની સુરક્ષા શાસનની જવાબદારી છે. જો તેની સંપત્તિ કોઈ સગાસંબંધી કે મિત્ર ચોરી લે તો શાસન તેને કઠોર દંડ આપે. મનુસ્મૃતિમાં તો સ્ત્રીઓને એટલી બધી છૂટ અપાઈ છે કે, મનુ રાજા કહે છે, જો કોઈ પુરુષ કામકાજસર વિદેશ જાય તો તે તેની પત્નીના ભરણપોષણની વ્યવસ્થા કરીને જાય. અને પત્નીએ તેની રાહ ત્રણથી માંડીને આઠ વર્ષ સુધી જોવી જોઈએ, પરંતુ જો પતિ દુઃખ આપીને ગયો હોય તો પત્નીએ એક જ વર્ષ રાહ જોવાની છે. તે પછી તે પત્ની આભૂષણો છિનવીને પતિની સાથે ન રહે. દીકરો-દીકરી સમાનની વિભાવનાનાં મૂળ પણ મનુસ્મૃતિમાં છે. આ જ રીતે સંપત્તિમાં હિન્દુ સ્ત્રીને જેટલા અધિકાર છે તેટલા કદાચ બીજી કોઈ પંથની સ્ત્રીને નથી, તેનાં મૂળ પણ મનુસ્મૃતિમાં છે.

**મનુસ્મૃતિમાં માતા, પત્ની, ગર્ભવતી સ્ત્રી, પુત્રી, વિધવા, એકલી રહેતી સ્ત્રી માટે શું જોગવાઈ છે, સંપત્તિમાં સ્ત્રીના અધિકાર માટે શું કહેલું છે તે વાંચશો તો સમજાશે કે સાચું લેડિઝ ફર્સ્ટ તો મનુસ્મૃતિમાં આપેલું છે**

*यथैवात्मा तथा पुत्रः पुत्रेण दुहिता समा।*
*तस्यामात्मनि तिष्ठन्त्यां कथमन्यो धनं हरेत्॥*
*मातुस्तु यौतकं यत्स्यात्कुमारीभाग एव सः।*
*दौहित्र एव च हरेदपुत्रस्याखिलं धन्॥*

પુત્ર અને પુત્રી સમાન છે. આથી પિતાના આત્મા જેવી પુત્રી બેઠી હોય તો બીજું કોઈ ધન કેમ લઈ જાય? જે ધન માતાને દહેજમાં મળ્યું હોય તે કન્યાને જ મળવું જોઈએ (પુત્રનો પણ તેના પર અધિકાર નથી). જેને પુત્ર ન હોય તેનું બધું ધન દૌહિત્ર અર્થાત્ પુત્રીના દીકરાનું છે. પૌત્ર-દૌહિત્ર વચ્ચે કોઈ ભેદ નથી. દત્તક પુત્રને પોતાના પાલક પિતાનું ધન મેળવવાનો હક નથી. જો કોઈ વ્યક્તિને પતિ કે બીજા કોઈ સગા ન હોય તો તેની સંપત્તિ ભાઈ-બહેનોમાં સમાન રૂપે વહેંચવી જોઈએ. જો મોટો ભાઈ નાના ભાઈ-બહેનોને તેમનો ઉચિત ભાગ ન આપે તો તે કાયદાની રીતે દંડને પાત્ર છે. આ જ રીતે મનુસ્મૃતિમાં કહેવાયું છે કે વિવાહયોગ્ય કન્યા પતિને પોતે જ પસંદ કરી શકે છે. જો તેનાં માતા-પિતા યોગ્ય વરને શોધવામાં સફળ ન જાય તો તેને પોતાનો પતિ પસંદ કરવાનો અધિકાર છે. મનુસ્મૃતિમાં આઠ પ્રકારના વિવાહ બતાવાયા છે - બ્રાહ્મ, દૈવ, આર્ષ, પ્રાજાપાત્ય, આસુર, ગાંધર્વ, રાક્ષસ અને પૈશાચ. તેમાં મારીને, રોતી-કકળતી, કન્યાને જબરદસ્તીથી લઈ જવાના વિવાહને રાક્ષસ વિવાહ જ કહે છે. જે કન્યા સૂતી હોય, ભટકી ગઈ હોય, નશાની હાલતમાં હોય અથવા જે પોતાની સુરક્ષા પ્રત્યે સાવધાન ન હોય, તેની સાથે શારીરિક સંબંધ બાંધવા કે વિવાહ કરવા તેને અત્યંત નિકૃષ્ટતમ શ્રેણીનો પૈશાચ વિવાહ કહ્યો છે. કન્યાનું ધન જે પિતા કે ભાઈ વાપરે છે તે નરકમાં જાય છે. તેમાં દહેજનો પણ નિષેધ કરાયો છે. વળી, બળાત્કાર માટે બળાત્કારીનું કાળજું પણ કંપી ઊઠે તેવી સજા કરવાની વાત કરાઈ છે. માતા, પત્ની કે દીકરી પર ખોટો આક્ષેપ લગાવીને અપમાન કરનારને દંડ કરવો જોઈએ. પુરુષો પર સ્ત્રીઓના રક્ષણની આકરી જવાબદારી મનુ રાજાએ નાખી છે.

*कालेऽदाता पिता वाच्यो वाच्यश्चानुपयन् पतिः ।*
*मृते भर्तरि पुत्रस्तु वाच्यो मातुररक्षिता ॥ ४ ॥*

જે પિતા તેની પુત્રીના કોઈ યોગ્ય પુરુષ સાથે લગ્ન નથી કરાવતો અને જે પતિ તેની પત્ની માટેનાં તેનાં વૈવાહિક કર્તવ્યો પૂર્ણ નથી કરતો તે પતિ સમાજમાં ધિક્કારને પાત્ર છે અને પતિના મૃત્યુ પછી પોતાની માતાની રક્ષા ન કરનાર પુત્ર પણ નિંદનીય બને છે.

આ શ્લોક તો જાણીતો જ છે:

*यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः।*
*यत्रैतास्तु न पूज्यन्ते सर्वास्तत्राफलाः क्रियाः॥*
**(મનુસ્મૃતિ ૩/૫૬)**

જ્યાં સ્ત્રીઓનું સન્માન થાય છે ત્યાં દેવતાઓ રમણ (વાસ) કરે છે, અર્થાત્ સુખ-સમૃદ્ધિ રહે છે. જ્યાં તેમનો અનાદર થાય છે ત્યાં કરવામાં આવેલા બધાં ઉપાસના અને પુણ્ય કર્મ નિષ્ફળ થઈ જાય છે.

*शोचन्ति जामयो यत्र विनश्यत्याशु तत्कुलम्।*
*न शोचन्ति तु यत्रैता वर्धते तद्धि सर्वदा॥*
**(મનુસ્મૃતિ ૩/૫૭)**

જ્યાં કુળની સ્ત્રીઓ (માતા, બહેન, પત્ની, પુત્રી) શોકગ્રસ્ત (દુઃખી) થઈને આંસુ વહાવે છે તે કુળ શીઘ્ર નષ્ટ થઈ જાય છે. તે કુળનો નાશ થઈ જાય છે. જ્યાં તે પ્રસન્ન અને સંતુષ્ટ રહે છે, તે પરિવાર નિરંતર ઉન્નતિ કરે છે.

*प्रजनार्थं महाभागाः पूजार्हा गृहदीप्तयः।*
*स्त्रियः श्रियश्च गेहेषु न विशेषोऽस्ति कश्चन॥*
**(મનુસ્મૃતિ ૯/૨૬)**

સંતાનને જન્મ આપનારી, સૌભાગ્યશાલિની અને ઘરને આલોકિત કરાવનારી સ્ત્રીઓ ઘરની સાક્ષાત્ લક્ષ્મી છે. સ્ત્રી અને શ્રી (લક્ષ્મી)માં કોઈ ભેદ નથી.

*परपत्नी तु या स्त्री स्यादसम्बन्धा च योनितः ।*
*तां ब्रूयाद् भवतीत्येवं सुभगे भगिनीति च ॥ १२९ ॥*


બીજા અધ્યાયમાં સ્ત્રીઓને પ્રણામ કરવાની વાત પણ કરી છે. સ્ત્રીની ગરિમાની જ નહીં, પરંતુ તેની તરફ ભોગની દૃષ્ટિથી ન જોવાની પણ વાત કરી છે. મનુસ્મૃતિ કહે છે, જે સ્ત્રી બીજાની સ્ત્રી હોય કે જેની સાથે સંબંધ ન હોય, તેને બહેન કરીને બોલાવવી.

અને સૌથી મોટો 'લેડિઝ ફર્સ્ટ'વાળો શ્લોક તો આ છે:

*उपाध्यायान्दशाचार्य आचार्याणां शतं पिता।*
*सहस्रं तु पितॄन्माता गौरवेणातिरिच्यते॥*
**(મનુસ્મૃતિ ૨/૧૪૫)**

દસ ઉપાધ્યાયો કરતાં એક આચાર્ય, આચાર્યોની સરખામણીએ એક પિતા અને એક હજાર પિતાઓની સરખામણીએ માતાનું સ્થાન ગૌરવોમાં અનેક ગણું શ્રેષ્ઠ છે. એટલે કે સર્વોચ્ચ સ્થાન માતાનું થયું.

# લોહીનું કેન્સર બદલાયું છે તો શું આપણો ભય પણ બદલાયો છે?



**"બ્લડ કેન્સર" એક વિશાળ છત્ર જેવો શબ્દ છે, જેમાં મુખ્યત્વે લ્યુકેમિયા, લિમ્ફોમા અને મલ્ટિપલ માયલોમા જેવા વિવિધ રોગોનો સમાવેશ થાય છે**

**કેન્સરથી મોટી જિંદગી**
**ડો. કૌશલ પટેલ**

સપ્ટેમ્બર મહિનો વિશ્વભરમાં બ્લડ કેન્સર અવેરનેસ મન્થ (લોહીના કેન્સર જાગૃતિ) તરીકે મનાવવામાં આવે છે. પરંતુ જાગૃતિનો અર્થ માત્ર એક રિબન પહેરવી કે સોશિયલ મીડિયા પર સંદેશો મૂકવો નથી. સાચી જાગૃતિ ત્યારે કહેવાય જ્યારે આપણે ભયની જગ્યાએ સમજણને સ્થાન આપીએ. અને બ્લડ કેન્સર જેવા વિષયમાં આ વાત કદાચ સૌથી વધુ જરૂરી છે.

"બ્લડ કેન્સર" શબ્દો સાંભળતાં જ આખા પરિવારનું વાતાવરણ બદલાઈ જાય છે. દર્દીને આ શબ્દો સંભળાય એ પહેલાં જ ભય મનમાં પ્રવેશી જાય છે. પછી સવાલો શરૂ થાય છે - શું આ રોગ મટી શકે? હવે કેટલું જીવન બાકી છે? કીમોથેરાપી કેટલી મુશ્કેલ હશે? બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ કરાવવું પડશે? પરંતુ આ ભયનો સૌથી મોટો હિસ્સો આજે પણ બ્લડ કેન્સર વિશેની વર્ષો જૂની સમજણ પર આધારિત છે.

છેલ્લાં થોડા દાયકામાં બ્લડ કેન્સરની દુનિયા ખૂબ બદલાઈ ગઈ છે. તેનું નિદાન કરવાની પદ્ધતિઓ બદલાઈ છે. રોગના જીવવિજ્ઞાન વિશેની આપણી સમજણ બદલાઈ છે અને સૌથી મહત્વનું એટલે તેની સારવારમાં જબરદસ્ત પરિવર્તન આવ્યું છે. એટલે પ્રશ્ન એ છે કે બ્લડ કેન્સર બદલાયું છે - તો શું આપણો ભય પણ તેની સાથે બદલાયો છે?

સૌથી પહેલાં એક ગેરસમજ દૂર કરવી જરૂરી છે - બ્લડ કેન્સર એક જ રોગ નથી. "બ્લડ કેન્સર" એક વિશાળ છત્ર જેવો શબ્દ છે, જેમાં મુખ્યત્વે લ્યુકેમિયા, લિમ્ફોમા અને મલ્ટિપલ માયલોમા જેવા વિવિધ રોગોનો સમાવેશ થાય છે. આ દરેક કેટેગરીમાં પણ અનેક પ્રકાર અને પેટાપ્રકાર છે અને દરેકની બાયોલોજી, ગતિ, જોખમ અને સારવાર અલગ હોઈ શકે છે.

લ્યુકેમિયા મુખ્યત્વે શરીરમાં લોહી બનાવતી વ્યવસ્થા, ખાસ કરીને બોન મેરોને અસર કરે છે, જ્યાં અસામાન્ય રક્તકોષો બનવા લાગે છે. કેટલાક પ્રકારના લ્યુકેમિયા ખૂબ ઝડપથી આગળ વધે છે અને તાત્કાલિક સારવારની જરૂર પડે છે, જ્યારે કેટલાક પ્રકાર ધીમે ધીમે આગળ વધી શકે છે અને અમુક દર્દીઓમાં શરૂઆતમાં માત્ર દેખરેખ રાખવી પણ યોગ્ય હોઈ શકે છે. લિમ્ફોમા લસિકા તંત્ર અથવા રોગપ્રતિકારક તંત્રના કોષોમાંથી ઉદ્ભવે છે અને ગળા, બગલ કે શરીરના અન્ય ભાગોમાં લસિકા ગાંઠો વધવી, તાવ કે વજન ઘટવા જેવા લક્ષણો આપી શકે છે. મલ્ટિપલ માયલોમા પ્લાઝમા સેલ નામના કોષોને અસર કરે છે અને હાડકાં, કિડની, હિમોગ્લોબિન તથા શરીરમાં કેલ્શિયમના સ્તર જેવી બાબતોને અસર કરી શકે છે.

આ બધાને માત્ર "બ્લડ કેન્સર" કહીને વાત પૂરી કરી દેવી એ એવું જ છે જેમ શરીરમાં થતા તમામ કેન્સરને માત્ર "કેન્સર" કહીને અટકી જવું. નામ આપણને શરૂઆતની માહિતી આપે છે, પરંતુ આખી હકીકત જણાવતું નથી.

આ તફાવત એટલા માટે મહત્વનો છે કારણ કે આજે બ્લડ કેન્સરની સારવાર વધુને વધુ પ્રિસિઝન મેડિસિન તરફ આગળ વધી રહી છે. બે દર્દીઓને બહારથી એકસરખું નિદાન લાગતું હોય, છતાં તેમના કેન્સરની અંદરની બાયોલોજી અલગ હોઈ શકે છે. એક દર્દી માટે યોગ્ય સારવાર બીજા દર્દી માટે યોગ્ય ન પણ હોય. એટલે આધુનિક ઓન્કોલોજીમાં માત્ર કેન્સર શરીરના કયા ભાગમાં છે તે જ નહીં, પરંતુ કેન્સર અંદરથી કેવું છે તે પણ અત્યંત મહત્વનું બન્યું છે.

બ્લડ કેન્સરની સારવારમાં આ સૌથી મોટા પરિવર્તનોમાંનું એક છે.